ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૭૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧૩-૦૭-૨૦૨૩

ગુજરાતમાં કોંગ્રેસ પક્ષને નુકસાન કરવા, સતાથી દૂર રાખવા ભાજપની બી-ટીમ તરીકે સક્રીય એવી 'આપ' પાર્ટીમાંથી મોહભંગ થતા રાજીવ ગાંધી ભવન ખાતે મોટી સંખ્યામાં આપ પક્ષના હોદ્દેદારો – પદાધિકારીઓ વિધીવત રીતે ખેસ ધારણ કરી કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા. કોંગ્રેસમાં જોડાયેલા પદાધિકારીઓ – હોદ્દેદારોને આવકારતા રાજ્યસભાના સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતનો જનતાની સેવા અને પ્રજાહિતના કાર્યમાં કોંગ્રેસ પક્ષ હંમેશા કાર્યશીલ છે ત્યારે દુધમાં સાકર ભળે અને મીઠાસ વધે તેમ સૌ પદાધિકારી-હોદ્દેદારોના કોંગ્રેસ પક્ષમાં આવવાથી પ્રજા સેવાને વેગ મળશે. ભાજપના ભ્રષ્ટાચાર, પેપર ફુટવા, પુલ તુટવા, મોંઘવારી અને કથળતીકાયદો વ્યવસ્થાનો ભોગ ગુજરાતનો નાગરિક બની રહ્યો છે. મોંઘુ શિક્ષણ, મોંઘી આરોગ્ય વ્યવસ્થાને લીધે સામાન્ય-મધ્યમવર્ગ હાલાકી ભોગવી રહ્યો છે, જી.એસ.ટી.નું અણઘડ અમલીકરણ, ટેક્ષનો બોજો અને ટેક્ષ ટેરેરીઝમને કારણે ગુજરાતના નાના ઉદ્યોગકાર-વેપારીઓના ધંધા-રોજગાર પર માઠી અસર થઈ છે ત્યારે ગુજરાતીઓના પ્રાણ પ્રશ્નો માટે તેમની સાથે ખભેથી ખભો મિલાવી ગુજરાતના હિતમાં કોંગ્રેસ પક્ષ સતત અવાજ ઉઠાવતો રહેશે.

કોંગ્રેસની વિચારધારાએ દેશની આઝાદી માટે લડત લડી છે ત્યારે કોંગ્રેસ પરિવારમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ મંત્રી શ્રી હરેશ કોઠારી, પૂર્વ પ્રમુખ ઉત્તર-પશ્ચિમ ઝોન અમદાવાદ શ્રી રાજેશકુમાર પ્રજાપતિ, મધ્યઝોન અમદાવાદ શહેર અધ્યક્ષશ્રી જાહિદ એચ. શેખ, મહિલા પ્રદેશ મંત્રી શ્રીમતિ રમીલાબેન ડાભી, અમદાવાદ શહેર મંત્રી શ્રી રેખા મેવાણી, પ્રદેશ મહિલા મંત્રીશ્રી શ્રધ્ધાબેન પટેલ, શ્રી મનિષાબેન પટેલ, શ્રી કમળાબેન પટણી, અમદાવાદ શહેર પૂર્વમંત્રીશ્રી દિનેશ ટાંક, પૂર્વ મહામંત્રીશ્રી અશોક ગોહિલ, અમદાવાદ શહેર ઓ.બી.સી. પ્રમુખશ્રી ઉમેશ પ્રજાપતિ, ગુજરાત સ્ટેટ સોશીયલ મીડીયા ઈન્ચાર્જશ્રી હેમાંગ વ્યાસ, ઘાટલોડીયા વોર્ડ પ્રમુખશ્રી હસમુખ પટેલ, વટવા વોર્ડ સંગઠનમંત્રીશ્રી ધર્મેન્દ્ર રાજપુત, સંગઠન મંત્રી પૂર્વઝોન શ્રી ભરતભાઈ ભૂત, ખાડીયા કોર્પોરેશન ઉમેદવાર અને મધ્યઝોન સેક્રેટરીશ્રી શેખ અયાજ અહમદ, જમાલપુર વોર્ડ મંત્રીશ્રી પ્રતિક ઠક્કર, ઘાટલોડીયા વોર્ડ શ્રી હસમુખ પટેલ, શ્રી અમિત ઓઝા, શ્રી હેમંત પટેલ, શ્રી પ્રવીણ ડાભી, શ્રી રાજેશ પંચાલ, શ્રી જૈમીન પ્રજાપતી, શ્રી નીતાબેન ગોસ્વામી, ગળતેશ્વર તાલુકા સંગઠન મંત્રીશ્રી મલીક મુસ્તાક અહેમદ, સહિત મોટી સંખ્યામાં પ્રદેશના હોદ્દેદારશ્રીઓ, આગેવાનશ્રીઓ તથા કાર્યકરો કોંગ્રેસ પક્ષમાં વીધીવત રીતે જોડાયા છે તેઓને આવકારું છું. લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં જ્યારે થોડો સમય બાકી છે ત્યારે અમદાવાદ સહિતના વિસ્તારમાંથી ૧૦૦ થી વધુ કાર્યકર્તા જોડાતા કોંગ્રેસ પક્ષની તાકાતમાં ઉમેરો થશે. ભાજપ સરકારની નીતિ સંગ્રહખોરો-કાળાબજારીયાઓને આશીર્વાદ આપવાની હોવાથી જીવન જરૂરીયાત ચીજવસ્તુઓની કિંમતો સતત વધી રહી છે. કોંગ્રેસ શાસનમાં ૨૦૧૪માં ૪૧૪ રૂપિયાનો ગેસ સીલેન્ડર મળતો હતો જે આજે ભાજપ સરકારના શાસનમાં ૧૨૦૦ રૂપિયાને પાર કરી ગયો છે. ગુજરાતમાં શિક્ષણ અને આરોગ્ય સેવા સતત કથળી રહ્યાં છે. ગુજરાત માટે સેવાના

સાધનાના યજ્ઞમાં મોટી સંખ્યામાં જોડાયેલા આગેવાન-કાર્યકર્તાશ્રીઓનું સૌનું સ્વાગત છે. આગામી સમયમાં કોંગ્રેસ પક્ષની વિચારધારા વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા સૌ માધ્યમ બનશો.

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પ્રદેશ ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, પૂર્વ ધારાસભ્યશ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરુ, મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, શ્રી બળદેવ લુણી, શ્રી સી.એમ. રાજપુત, પ્રવક્તાશ્રી હિરેન બેંકર, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના નેતાશ્રી શેહઝાદખાન પઠાણ સહિતના આગેવાનો ઉપસ્થિત રહી કોંગ્રેસ પક્ષમાં જોડાયેલ તમામ આગેવાનો-કાર્યકરોને આવકાર્યા હતા.

---

સુરેન્દ્રનગરમાં બે દલિત દિકરાઓની થયેલ નિર્મમ હત્યા અંગે રાજ્યસભાના સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, રાજ્યમાં સામાજીક સમરસતા ભાજપના શાસનમાં ડહોળાઈ રહી છે. વોટબેંકના પોલિટીક્સમાં વાતાવરણ ડહોળાઈ રહ્યું છે. દલિત આગેવાનની પેઢીઓની જમીન હયાત છે. જ્યારે ખેતીકરવા જાય ત્યારે માથાભારે તત્વો હેરાન કરે છે. સુરેન્દ્રનગર જીલ્લાના સમઢીયાળીનાં ચુડા ગામના દલિત પરિવાર પોતાની વડિલોપાર્જીત જમીન પડાવી લેવા ભૂમાફીયા વિરૂધ્ધ પોલિસ રક્ષણ અવારનવાર માંગવા છતાં ભાજપ સરકારના પોલીસતંત્રએ ગંભિરતાથી નોંધ લીધી ન હોવાથી ગત રાત્રીએ કેટલાક અસામાજીક તત્વોએ હુમલો કરી બે સગાભાઈની નિર્મમ હત્યા કરી છે. અસામાજીક તત્વો દ્વારા વારંવાર પરેશાન કરવા અંગે પીડિતાના પરિવારે અગાઉ પોલીસ, કલેકટરને જીવના જોખમ અને પોલીસ રક્ષણ માટે અરજી આપી હતી, જેની નકલ ગુજરાતના મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને સમાજ કલ્યાણ મંત્રીને મોકલવામાં આવી હતી. આમ છતાં તેમને ન તો પોલીસ રક્ષણ મળ્યું કે ન તો કોઈ કાર્યવાહી થઈ. જો રક્ષણ અપાયું હોત તો જાનહાની ના થઈ હોત આ ઘટના માટે જવાબદાર કોણ ? ભાજપ સરકાર જવાબ આપે. ગુજરાતમાં જ્યારે પણ કોઈની સાથે અન્યાય થાય છે ત્યારે અન્યાય કોણ કરે છે? તેની ચિંતા કર્યા વગર અમે પીડિતાની જાતિ, ધર્મ કે રાજકીય પક્ષને ધ્યાનમાં લીધા વિના તેની સાથે ઊભા રહીશું. દલિત સમાજ પર સતત અત્યાચાર થઈ રહ્યા છે આ ભાજપ સરકાર દલિત સમાજને ન્યાય આપવામાં અસંવેદનશીલ બની છે તે કેટલે અંશે વ્યાજબી ?

સુરેન્દ્રનગરના ચુડા તાલુકાના સમઢીયાળા ગામમાં અતિશય દુઃખદ ઘટના અંગે સમાચાર મળતા જ રાજ્યસભા સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ અને વિધાનસભા કોંગ્રેસ પક્ષનાં ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમાર, એસ.સી. સેલના પ્રમુખશ્રી હિતેન્દ્ર પીઠડીયા, ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી ઘનશ્યામ ગઢવી, પૂર્વ ધારાસભ્યશ્રી નૌશાદ સોલંકી, શ્રી ઈન્દ્રનીલ રાજગુરુ સાથે પ્રદેશનાં હોદ્દેદારોશ્રીઓ- સાથીઓ સાથે દલિત પરિવારજનોની મુલાકાત લઈ સાંત્વના પાઠવવા સુરેન્દ્રનગર ખાતે પહોંચ્યા હતા. સમગ્ર વિસ્તારમાં ભયનું વાતાવરણ છે. બબ્બે ભાઈ ગુમાવનાર, ભોગ બનનાર પરિવારને ન્યાય મળે તે માટે તંત્ર તાત્કાલીક કડક પગલા ભરે તેવી કોંગ્રેસ પક્ષે માંગ કરી હતી.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા